રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ) ના ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં.૫૬૭૭ /૨૦૧૮**

આંક–

ફરીયાદી : સરકાર શ્રી.

વિ રૂ ધ્ધ.

આરોપી : વિજયસીંહ કીશોરસીંહ રાઠોડ

ફરીયાદી તર્ફે. વિ. વ.શ્રી એ.પી.પી. અને આરોપી તર્ફે વિ.વ.શ્રી.

**ગુનો : ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબ.**

**–: ચૂ કા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન/લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી, ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે ત.ક.અમલદારશ્રીએ તપાસ કરી સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે અને જણાવેલ છે કે, હમો ગરીબ માણસ છીએ, જેથી અમો આરોપીને ઓછામાં ઓછો દંડ કરી ગુનામાંથી મુકત કરવા અરજ ગુજારેલ છે.

૪. આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હું ક મ : –**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને સંયુકત **રૂ.૧૦૦ /–** અંકે રૂપિયા સો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. 22 મી જુલાઈ સને 2018 ના રોજ જાહેર કર્યો.

તારીખ : 22/7/2018.
મુકામ :અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)

)